## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન


૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભુ હતું
૪ હજામડી
૫ કમાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ કયાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરાંમના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ઘોબીડો ઘુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાંથાપી આવ્યાં
૫૦ મામાની જાવ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ,
કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન


### બાળસાહિત્ય ગુચ્છ


૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તકતક તરરર
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન


# બાળ સાહિત્યગુચ્છ

સંપાદકો

ગિજુભાઇ

તારાબહેન

# દાદાજીની તલવાર

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય
સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## બાળસાહિત્ય ગુચ્છ

# દાદાજીની તલવાર

: લેખક :

ગિજુભાઈ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. પ્રઠશ/૮૯-ગ-૧/૧૦૪૫-૧૧૫૦
તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અવૈધિક શિક્ષણ
માટે ખરીદવા ભલામણ થયેલ છે.

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ● અમદાવાદ ૩૮૦ ૦૦૧

©
પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂા. ૩—૦૦

મુદ્રક
ભગતભાઈ બી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

# દાદાજીની તલવાર

કોઈને ખબર નહિ કે અમે ક્યારે મેડીએ ચડ્યા. જ્યારે નિસરણીએ પગ મૂકીએ ત્યારે કોઈ નહિ ને કોઈ કહેતું જ કહેતું : 'અલ્યા ઉપર ચડવાનું નથી. ત્યાં કોઈ ચડશો નહિ.' અમને થતું કે ત્યાં તે શું હશે? ચડ-વાની ના શા માટે પાડતાં હશે? મનમાં થાય કે એક વાર ઘરમાંથી બધાં બહાર જાય તો મેડીએ ચડીએ.

એક વાર એવું જ બની ગયું. બાપુ ગામ ગયેલા; મોટાભાઈ કચેરીમાં ગયેલા; બા નાની બે'નને લઈને માશીને ત્યાં ગયેલી. એકલા હું ને જગુ બે જ રહી ગયા. બા કહેતી ગયેલ કે ઓશરીમાં રમજો; અહીં જ રમજો.

કોણ જાણે કેમ પણ બાએ પગ બહાર મૂક્યો ને અમને મેડી સાંભરી. એકલા પડ્યા ને મેડી ઉપર ચડ-વાનું મન થઈ ગયું. જગુએ ફળિયાની ખડકીની સાંકળ વાસી દીધી ને અમે ઘરમાં ગયા.

નિસરણી ઉપર પગ મૂક્યો ને ત્યાં અટકીને ઊભો રહ્યો. 'ત્યાં ચડવાનું નથી. ત્યાં ચડશો નહિ.' એ વાક્યો

જાણે કાનમાં સંભળાયાં. બા અને બાપાએ એ વાક્યો કેટલી બધી વાર સંભળાવેલાં?

'શા માટે ના પાડી હશે? કંઈક બીક જેવું હશે? કંઈક સંતાડયું હશે? કંઈક લાગી જાય એવું હશે? શું હશે? શું કામ ના પાડી હશે?'

પગ ધ્રૂજ્યો ને હું પાછો ફર્યો. વળી વિચાર આવ્યો: 'ના ના, આજે તો ભારે લાગ આવ્યો છે! આજે ઘરમાં કોઈ નથી. બસ, મેડી ઉપર જવું તો ખરું જ. બસ, જવું જ!'

પાછો નિસરણી પાસે ગયો. જોર કરીને, હિંમત કરીને, પહેલા પગથિયા ઉપર પગ મૂક્યો ને બીક બધી ઊડી ગઈ. ને પછી તો ઝટઝટ પગથિયાં ચડતો ચડતો ઉપર પહોંચ્યો. મારી પાછળ જગુ પણ આવ્યો.

'મેડી ઉપર ચડવાની શું કામ ના પાડતાં હશે? અહીં તો કાંઈ નથી. થોડાએક માટીના ગોળા અને માટલીઓ છે. જૂના લાકડાના કટકા છે; ફૂટી ગયેલી અથાણાની બરણીઓ છે. ઘણી બધી ધૂળ છે; ઘણાં બધાં બાવાં ને કરોળિયાનાં જાળાં છે.'

જગુ અને હું ચારે કોર ઝીણી નજરે જોવા લાગ્યા. 'શું કામ ના પાડી હશે?' એનો જવાબ શોધતા હતા.

ત્યાં ભીંત તરફ નજર ગઈ. 'અરે! આપણા ઘરમાં આ તલવાર ક્યાંથી?'



જગુએ ડામચિયા પાછળ નજર નાખીને કહ્યું: 'ને આ ભાલો ક્યાંથી? અને અરે! આ તો લાંબી એવી બંદૂક છે!'

અમે તો આભા જ બની ગયા! હેબતાઈ જ ગયેલા. 'આપણે બ્રાહ્મણ, ને આપણે ત્યાં હથિયારો? હથિયારો તો સિપાઈને ત્યાં હોય; રજપૂતોને ત્યાં હોય.'

ખીંતીએથી મેં હળવેથી તલવાર નીચે ઉતારી. ગાડું-એક ધૂળ એના ઉપરથી હેઠે પડી. મ્યાન સડી ગયું હતું; મૂઠ કાટ ખાઈ ગઈ હતી. કોણ જાણે કેટલા યે વખતથી ત્યાં પડી હશે.

તલવાર હાથમાં તો લીધી પણ ખેંચવી કેવી રીતે? કોઇ દિવસ તલવાર હાથમાં લીધી હોય ત્યારે કે? માત્ર સિપાઈની કેડે લટકતી જોઈ હતી.

બીક લાગતી હતી તોપણ તલવાર મ્યાન બહાર કાઢવા મહેનત કરવા માંડી. ઘણી મહેનતે જરા ખેંચી ત્યાં તો બાએ બૂમ પાડી: 'અલ્યા એ જગુ, રમુ! ક્યાં ગયા છો? દેખાતા કેમ નથી? શું કરો છો?'

અમે તો લહેરમાં આવી ગયેલા તે અમને ખબરે ન પડી કે બાએ અંદર હાથ નાખીને ફળીની ખડકીની સાંકળ ક્યારે ઉઘાડી ને ક્યારે ઘરમાં આવી.

બા ઘરમાં આવી ગઈ ને અમે તો ઉપર રહી ગયા! 'હવે?'

જગુ કહે : 'તું પહેલો ઊતર.'

મેં કહ્યું : 'તું પહેલો ઊતર.'

અમે તો મૂંગા થઈને બેસી ગયા. તલવાર મ્યાન કરી દીધી. પણ હવે ?

બાને વહેમ ગયો ને તે નિસરણી ઉપર ચડવા લાગી.

અમે તલવાર ખીંતીએ મૂકી દઈએ તે પહેલાં તો બા ઉપર આવી પહોંચી ને અમે તો શિયાવિયા થઈ ગયા.

'બા, ઈ તો....'

બા કહે : 'હવે હેઠા ઊતરો, હેઠા! ટાંગી દ્યો ઈ કાંતા એની ખીંતીએ. ઈ થોભનારા તો ગયા ને ઈ દિવસો યે ગયા!'

અમે નીચે આવ્યા.

* *

રાતે વાળુ કરીને બેઠા ને બાપુ વાતો કહેવા લાગ્યા. 'જુઓ, છોકરાઓ! કોઈને કહેશો નહિ કે આપણે ઘેર તલવારો છે. તલવાર ન રાખવાનો રાજાનો કાયદો છે. જાણી જાય તો તલવારો લઈ જાય ને ઊલટો દંડ કરે.'

મેં પૂછ્યું : 'તો આપણે ત્યાં તલવારો ક્યાંથી?'

બાપુએ જૂની વાતો સંભારીને કહ્યું : 'એ તો આપણા વડદાદાના વખતની છે. વડદાદા એટલે મારા બાપા, ને એના બાપા, ને એના બાપા. વડદાદાનું નામ શામજી ત્રવાડી. શામજી ત્રવાડી આપણા રાજાના કારભારી



હતા. એક વાર આપણે ઘેર તો ઘોડા હણહણતા અને આરબો ડેલીએ બેસતા. મહારાજ ગુમાનસિંહજી, આ ત્રણસો ગામનાં ધણી, દાદાને પૂછીને પાણી પીતા. શામાદાદા કરે એટલું જ થાય. પણ શામાદાદાનું કારભારું એટલે માથાનું સાટું. ચારેકોર મહારાજ ગુમાનસિંહજીને માથે વેર ગાજે. આણીકોરથી કાઠીઓ, આણીકોરથી ખશિયા, આણીકોરથી રાવળિયા ને આણીકોરથી ચુંવાળિયા : દિ'રાત બળવા કર્યા જ કરે. એ તો શામજી ત્રવાડીની હાક વાગે એટલે ઠેકાણે રહે. શામજી ત્રવાડી પૂરો એક દિવસે ય કોઈ વખત ઘરે ન હોય. ઘોડીનાં પલાણ ઘોડીની પીઠ ઉપરથી વાર પૂછીને ઊતરે. મોઢા આગળ પોતે ને પાછળ પચાસ અસવાર. જ્યાં ભુમાટ થાય ત્યાં શામજી ત્રવાડી પહોંચ્યા જ છે. ડોશીમા કહેતાં કે શામો ત્રવાડી ભારે રૂપાળા હતા; એવા જ ઊંચા ને એવા જ શરીરના ભરેલા; પડછંદ આદમી. હાથમાં ભાલો રાખતા; વાંસે ઢાલ ને કમરમાં અસલ શિરોહીની તલવાર લટકાવતા. એ તલવારે કંઈકનાં ધડમાથાં જુદાં કરેલાં.'

અમે તો બધા હલ્યા ચાલ્યા વિના વાત સાંભળતા જ હતા. ખોંખારો મારી બાપુએ આગળ કહ્યું : 'શામા ત્રવાડીનાં કારભારાં આજે પણ ગવાય છે. એના થકી આ આવડું મોટું રાજ છે, સમજ્યા?'

અમે જોઈ રહ્યા. બાપુ વળી આગળ બોલ્યા: 'શામાદાદા પછી થયા હીરાદાદા. હીરાદાદા એટલે શું સમજો છો? સામે જોતાં દુશ્મનની છાતી ફાટી એવા આદમી. સામે જોવાય નહિ. એક મોટા પંજાબી આદમી. ઊજળો વાન ને મૂછો તો જાણે સિંહની કેશવાળી. જસવંતસિંહ બાપુની ફોજનો દાદા ધણી, એ ફોજના સરદાર. હીરાદાદા જ્યારે ચોરણી ઉપર કેડિયું ચડાવે ને માથે કસૂંબી શિરપેચ મૂકે ને કેડે બાંધેલી ભેટમાં જમૈયો ખોસી હાથમાં ભાલો લઈ ઘોડે ચડે, એટલે કોઈ ન કહે કે આ બ્રાહ્મણ હશે. હીરાદાદાની નીચે મકરાણી, આરબો, કાઠી, ખૂમાણ ને ખશિયા એવા એવા કંઈક હતા; કોઈને ગાંઠે નહિ એવા. પણ ડોશી કહેતાં કે હીરાદાદા આંખ કાઢે ત્યાં આખી ફોજ ચૂં કે ચાં! એક હુકમે બધા નરમઘેંશ! આ તેં લીધી હતી તે તલવાર હીરાદાદાની પોતાની. હીરાદાદા તલવારના એવા જાણકાર કે સામે ગમે તેટલા જણ હોય પણ એક હીરોદાદો ને એક એની તલવાર બસ થઈ રહે! એક વખત એક આરબ ફૂટ્યો ને સામાવાળાને જઈને કહી દીધું કે હીરોદાદો ક્યાં સૂએ છે. હીરાદાદાને પછી રાતે ઊંઘતા દાબેલા! તોપણ હીરાદાદા ભડ હતા. અરધી રાતે ધિંગાણું થયું ને હીરાદાદા લડવા ઊઠ્યા. એના માનીતા મકરાણીએ આ એની તલવાર જ સંતાડી દીધેલી. પણ દાદા એમ ભાગે એવા નહોતા. એકલો



ભાલો લઈ ઉપડ્યા ને પચાસ જણને ભોંયભેળા કરી દીધા, છેવટ પોતે ઘવાયા ને પડ્યા!'

વાત સાંભળવામાં આખું ઘર થંભી ગયું હતું. એમ અમે તો ખીલો ખોડાઈ જાય એમ ખોડાઈ ગયા હતા. આંખનું મટકું પણ મારવું ભૂલી ગયેલા!

બાપુએ કહ્યું : 'હીરાદાદા પછી રામાદાદા; રામાદાદા એટલે મારા બાપા. અમે એને મોટાભાઈ કહેતા. મોટાભાઇ હીરાદાદાનો પૂતર. અસલ જાણે જોઈ લ્યો બીજા હીરાદાદા. રાજા રતનસિંહે એને રામપરા મહાલના વહીવટદાર નીમ્યા હતા અને વહીવટદાર તરીકે એની કાંઈ સુવાસ હતી! એ મોટાભાઈ દિલાવર દિલના. લોકોને કશી રંજાડ નહિ. પણ એ વખતમાં કોગળિયું આવ્યું ને એમાં મોટાભાઈ ખપી ગયા. હું તે વખતે પાંચેક વર્ષનો હતો. ઝાંખું ઝાંખું સાંભરે છે કે મોટાભાઈ કેવા હતા. મોટાભાઈ મને દેવોડાબલી કહીને રમત કરાવતા ને હું ખડખડ હસતો.'

ઘરમાં માજી બેઠાં હતાં ને અત્યાર સુધી મૂંગા હતાં, તે બોલ્યાં: 'બાપુ! મૂકો ને એ વાત! ઈ દિવસો ગયા. શીદ ને જૂની સંભારો છો?'

માજીનું મન કચવાતું જોઈ બાપુએ જરા વાત બદલી: 'હવે સમજ્યા. એ તલવાર કોની છે ને ક્યાંથી છે?'

મેં કહ્યું: 'પણ બાપુ! એ સંતાડીને શું કામ રાખી

છે ? હેઠી ઉતારો તો અમે થોડી થોડી સમજીએ. અમને વાપરતાં શીખવો તો વાપરીએ.'

બાપુએ કંઈક ગંભીર થઈ કહ્યું : 'ભાઈ! હમણાં હથિયારબંધીનો કાયદો થઈ ગયો છે. નવો રાજા નાનો છે, ને સરકાર રાજ્ય ચલાવે છે. બધાના હથિયાર લઈ લીધાં છે; આપણે તો છુપાવીને રાખી મૂક્યાં છે. દાદાનાં હથિયાર એટલે તો ઘરનાં દેવદેવલાં! દેવસેવા અળગી કરીએ તો એ અળગા કરાય. ને જો ખબર પડે તો તો આપણે કેદમાં પુરાવું પડે.'

રાતના બાર વાગવા આવ્યા હતા. માજી નિસાસો મૂકતાં હતાં. નાનો કીકો ક્યારનો ઊંઘી ગયો હતો. બાને હજી હવે અબોટ કરવો હતો. વાતના રસમાં એ તો રોકાઈ ગયાં તે રોકાઈ જ ગયાં.

નાનપણમાં બાપાને મોઢે આ વાત સાંભળેલી. સાંભળ્યાંને પણ ચાળીશ વર્ષ વીતી ગયાં છે. આજે આટલે વર્ષે લખી નાખી. જૂની જૂની વાત, જૂના દિવસો-માંથી નીકળી આવી, તે આજે તમને કહી છે.

## મચ્છીમાર

વરસાદ ઝરમર ઝરમર પડતો હતો. ઘોર અંધારું હતું. મધરાત થઈ હતી.

બંગાળનો એક મચ્છીમાર હાથમાં દીવો થઈને ફરતો હતો, ભમતો હતો, મચ્છી પકડતો હતો.

ઘરરરર ઘરરરર ઘરરરર જબલપૂર મેલ ઝીંકર્યે આવતો હતો.

ચારપાંચ ગાઉ દૂર હશે; પણ રાતે તો એટલેથી યે સંભળાય જ ને!

મચ્છીમાર ચમક્યો : 'અરે! શું આ મેલ આવે છે? આ પૂલ તૂટી ગયો છે અહીં આવશે તો તો કડડડભૂસ કરતો નીચે પડશે ને ભુક્કા નીકળી જશે! પણ કરવું શું?'

મેલની તે કાંઈ ઝપટ! જાણે જળનો ઘોડો! રોક્યો રોકાયે શી રીતે? ને વખત પણ ક્યાં હતો? ક્ષણ પણ ન હતી ને!

મચ્છીમાર દીવી લઈને દોડ્યો; વેગથી આવતા વરાળિયા રાક્ષસ સામે દોડ્યો.

'એ આવ્યો....! એ આવ્યો....! એ આવ્યો....!'

ત્યાં તો આઘેથી એન્જિન દેખાયું.

હાંકનારને શી ખબર કે મોત મોઢું ફાડીને બેઠું છે? એ તો પૂરપાટે ગાડી દોડાવ્યે આવતો હતો.

એક જ ક્ષણ વધારે ને મેલના ભુક્કેભુક્કા થાય, હજારોના પ્રાણ જાય!

ત્યાં હાંકનારે વિચાર્યું: 'અરે, આ દીવી શાની? સામે કોણ દોડતું આવે છે? જોખમ લાગે છે. અકસ્માત તો નથી ને?'

ખટાક, ખટાક ખટાક!

કચુડુડુ, કચુડુડુ, કચુડુડુ!

બસ, મચ્છીમાર અને એન્જિન સામસામે! એક ડગલું આગળ ને મચ્છીમારના રામ બોલો ભાઈ, રામ!' થઈ જાય!

ગાડી અટકી ગઈ; હાંકનાર હેઠે ઊતર્યો. હજારો માણસ હેઠે ઊતર્યાં.

સામે જ મોત મોઢું ફાડીને ઊભું હતું. પૂલ તૂટ્યો હતો; ઊંડે નદી વહી જતી હતી.

'શાબાશ! મચ્છીમાર, શાબાશ!'

હરખનાં આંસુ આવ્યાં. હેતનાં હૈયાં ઊછળ્યાં. મચ્છીમારને વધાવ્યો; મચ્છીમારનાં દુખડાં લીધાં.

ચારેકોર 'મચ્છીમાર, મચ્છીમાર. મચ્છીમાર!' થઈ રહ્યું.

## રસ્તા વચ્ચે પથરો

મળસ્કું થયું ને ગામનો રાજા ફરવા નીકળ્યો. રસ્તે એક પથરો પડેલો; બરાબર વચ્ચોવચ્ચ.

રાજાના મનમાં થયું: 'આ પથરો તો વારુ ઘણાં દિવસથી દેખાય છે. કોઈ ને ભલા સૂઝતું યે નહિ હોય કે એને ઉપાડીને કોરે કરીએ? વચ્ચોવચ્ચ પડ્યો છે તે આડો યે નહિ આવતો હોય? આજ તો જોઉં જ કે ચાલતા લોકો શું કરે છે.'

રાજાએ ગાડી કોરે લીધી, દૂર જઈને ઊભી રાખીને આવતા-જતાને જોવા લાગ્યો.

ભગત ગાતા ગાતા નીકળ્યા.

"જાગ ને જાદવા, કૃષ્ણ ગોવાળિયા..."

ધડ દઈને પથરો ઠેબે આવ્યો.

'રામ રામ રામ? આવું છે! ભલા, ભગવાન લેખે કોઈએ પથરો ખસેડ્યો હોત તો લાગત તો નહિ?'

ભગત પગ ચચવાળતા ચચવાળતા આગળ ચાલ્યા ગયા.

થોડી વાર થઈ ત્યાં તો એક ભરવાડ નીકળ્યો. જુવાનજોધ ભરવાડ; હાથમાં ડાંગ ને પગમાં જોડા. ધબ ધબ કરતો ચાલ્યો આવતો હતો. ધડ દઈને પથરો અથડાયો ને ભરવાડ થંભ્યો. 'ઉંહ, કયા ભમતાએ આ પથરો નાખ્યો હશે? મળે તો એને ડાંગે ડાંગે ખોખરો કરી નાખું!'

ગાળો દેતો ભરવાડ આગળ વધ્યો.

થોડી વાર થઈ.

એટલામાં વળી એક સિપાઈભાઈ નીકળ્યા. મોઢામાં બીડી, પગમાં બૂટ ને હાથમાં સોટી. લહેરીની પેઠે જતા હતા. ધ્યાન તો કયાંઈ ઊંચે આકાશમાં હતું.

પથરો પગે અથડાયો ને સિપાઈભાઈએ નીચે જોયું.

'સાલે, દેખો કેસી બાતાં હે! યે છોટાસા પથ્થર પડા હે લેકિન કોઈકું એસા હે, કે પથરેકું ફેંક દેવે? અપને લોક એસે હી હે; હરામકી જાત હે!'

સિપાઈભાઈ બબડતા ચાલ્યા ગયા.

રાજા આ બધું જોતો હતો.

ત્યાં વળી એક ગાડાવાળો નીકળ્યો. આડામાં પડ્યો પડ્યો ગાડું હાંકયે જતો હતો; અરધો ઝોકામાં હતો. ધડ દઈને પથરો પૈડા સાથે અફળાયો ને ગાડું ઊછળ્યું.

'એલા, હેઠે પથરો લાગે છે. કો'કે રસ્તામાં મૂક્યો લાગે છે—કો'કે અળવીતરે.'



ગાડાવાળો આગળ ગયો.

આમ એક પછી એક માણસો નીકળ્યા ને પથરા સાથે અફળાયા. શું કામ કોઈ પથરો ઉપાડે ને નાખી દે? સહુ કોઈ બબડતા જાય ને ચાલ્યા જાય!

ત્યાં વળી એક જણ નીકળ્યો. હળવે હળવે જતો હતો. આડો પથરો આવ્યો ને ઊભો રહ્યો.

'આ માળો પથરો વચમાં ક્યાંથી? જેને ને તેને આડો નહિ આવતો હોય? લાવ ને બાજુએ નાખી દઉં?'

પથરો ઉપાડીને કોરે નાખ્યો ને ધીમે ધીમે આગળ ગયો.

રાજાએ એને જોઈ લીધો.

* *

થોડા દિવસ થયા ને રાજાએ હુકમ કાઢ્યો: 'એક આળસુ હોય તે ન આવે; બીજા બધા કચેરીમાં આવે.'

ત્યાં તો ગામ આખું ઊપડયું. નાહી ધોઈ કપડાંલત્તાં પહેરી કચેરી આગળ ભેગું થયું.

કોણ પોતાને આળસુ કહે?

પેલો ભગત પણ હાજર હતો. પેલા સિપાઈભાઈ પણ આવ્યા હતા. પેલો ભરવાડ પણ હતો. પેલો પથરો ઉપાડનાર જણ પણ આવ્યો હતો. બધા ત્યાં ઊભા ઊભા વાતો કરતા હતા.

'ઓલ્યો પથરો હમણાં નથી દેખાતો, હો! કોઈ કે લઈ લીધો લાગે છે.'

'હા માળું; ઠીક થયું. સહુને પગમાં લાગતો મટયો.'

'કો'કને ઠીક સૂઝયું. ગાડાનાં પૈડાં ભાંગતો મટયો.'

'હશે કો'ક નવરો તે લઈને કોરે નાખ્યો હશે!' સિપાઈભાઈ બોલ્યા.

કચેરી ઊઘડી. બધા અંદર પેસવા ધક્કામુક્કી કરતા હતા.

રાજા પોતે દરવાજે ઊભા હતા. સલામ લઈને અંદર દાખલ કરતા હતા.

એક આવ્યો.

'તમે નહિ; બહાર રહો.'

બીજો આવ્યો.

'તમે નહિ; બહાર રહો.'

ત્રીજો આવ્યો.

'તમે નહિ; બહાર રહો.'

રાજા કહે: 'નહિ આળસુ આવે.'

સિપાઈ, ભરવાડ, ગાડાવાળો, એકેએક બારણેથી પાછા વળ્યા.

બધા જોઈ રહ્યા. 'ત્યારે માળું નહિ આળસુ તે કોણ હશે?'

ત્યાં પેલો પથરો ઉપાડનાર આવ્યો. રાજાએ એને



અંદર દાખલ કર્યો. બધા તો અચરજ પામ્યાં. મનમાં કહે: 'જો ને એક આ આળસુ નહિ! છે રાજાને ય અક્કલ? નવરો બાબર જ્યાં ત્યાં ફરતો ફરે છે ને ગાતો ફરે છે. એને કહે છે કે આળસુ નહિ! કેવી વાત?'

રાજાએ હાથ ઊંચો કર્યો ને સૌને બધી વાત કરી. પથરો ખસેડયાની વાત કરી; સિપાઈ–ભરવાડની વાત કરી; ભગત–ખેડૂતની વાત કરી.

સૌ શરમાઈ શરમાઈ પોતાને ઘેર ગયા; મનમાં મનમાં લાજી મર્યા.

## ટિકિટ લેવી'તી

ત્રણ વીશ ને સાત વરસનો ડોસો.
શરીર ખખળી ગયેલું.
આંખ હીણી હતી.
લાકડીને ટેકે ટેકે આવ્યો હતો.
સૌથી એ વહેલો આવ્યો હતો અને ક્યારનો ઊભો હતો.
કોઈક ગામ જવું હશે.
બારી ઊઘડી ને ટિકિટ દેવાઈ.
ધક્કાધક્કી ને પડાપડી !
બળિયાના બે ભાગ.
જુવાનોએ ટિકિટ લઈ લીધી.
ભાઈઓ બાઈઓને માટે ટિકિટ લાવ્યા; શેઠની ટિકિટ નોકર લાવ્યા.
લઈ લઈને સૌ ચાલવા લાગ્યા. આ એક ડોસાનો વારો ન આવે.
બિચારો આગળ જાય ને પાછો આવે.
ધક્કો લાગે ને કોરે ખસે.
ભીંસ થાય ને બાજુએ જાય.
પાંચ મિનિટના ડંકા થયા.
ગાડી ઊપડવાનો વખત થયો.
બારી ઉપર બેસુમાર ગિરદી.
ટિકિટ વિનાનો ડોસો !
એક જુવાનને શરમ આવી. મનમાં ને મનમાં જુવાની લાજી : ' અરે બિચારો ડોસો ! ક્યારનો તપે છે. '
' દાદા ! ક્યાં જવું છે ? '
' નીંગાળા. '
ઝટ દેતોક ને મારગ કર્યો ને બારીએ ગયો; ટિકિટ લઈ બહાર આવ્યો.
' દાદા ! ચાલો ગાડીમાં બેસાડું. '
' પણ ટિકિટ વિના ? '
' ટિકિટ આ રહી નીંગાળાની. મેં લઇ લીધી. '
ડોસાને ડબ્બામાં બેસાર્યા.
' લે, ભાઈ ! ટિકિટના પૈસા. ' કહી ડોસાએ ગુંજામાંથી પૈસા કાઢ્યા.
પણ જુવાન ક્યાંક ચાલ્યો ગયો હતો.

## બાદશાહ બાબર

દિલ્હીમાં મુગલ બાદશાહ બાબર હતો. તેનો શાહજાદો હુમાયુન હતો.

હુમાયુન એક વાર માંદો પડ્યો. માંદગી બહુ લંબાઈ. દિલ્હીના બાદશાહનો બેટો; એને દવાદારૂની શી બાકી રહે? હકીમો થાક્યા ને વૈદો પણ થાક્યા.

શાહજાદાનું શરીર સાવ ગળી ગયું હતું. પલંગમાં મોટી સવામણ રૂની તળાઈમાં દેખાતો યે નહોતો.

પોતાનો બેટો કોને વહાલો ન હોય? તેમાં બાદશાહને તો હુમાયુન જીવ કરતાં યે વધારે વહાલો હતો.

માણસની કાંઈ કારી ન ચાલે, પછી તો ખુદાની બંદગી જ બાકી રહી. ખુદાની મરજી હોય તો માંદા સાજા થાય ને મડદાં સજીવન થાય.

બાદશાહે અંતે ખુદાનો આશરો લીધો; તેની બંદગી કરી: 'અલ્લાહ પરવરદિગાર! શાહજાદાને સાજો કર અને એની બીમારી મને દે.'

ત્રણ વાર બાદશાહ પલંગ ફરતો ફર્યો ને ભોંયે માથું અડાડી ખુદાની બંદગી કરી.

ખરા દિલની બંદગી અફળ થતી નથી. હુમાયુનને સુવાણ થઈ ગઈ; બાબરને દર્દ શરૂ થયું.

ને બેટાને જીવતો કરીને બાપ ખુદાની હજૂરમાં પહોંચી ગયો.